# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-04-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

--------------------------------------

**(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)**

**હવે પછી સાંજે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.**

# CABINET MEETING

ગાંધીનગરમાં આજે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઈ ગઈ. ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં જમ્મુ-કાશ્મીરમાં થયેલા આતંકી હુમલામાં ફસાયેલા ગુજરાતીઓ અંગે, સરકારના અન્ય કેટલાક નીતિવિષયક નિર્ણયો, જંત્રીના નવા દર ક્યારથી અને કઈ રીતે લાગુ કરાશે, ગુજરાત રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે યોજાનારા કાર્યક્રમ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

આ ઉપરાંત બેઠકમાં ઉનાળા દરમિયાન રાજ્યમાં પાણીની સ્થિતિ અને ટેકાના ભાવે થતી પાકની ખરીદીની સમીક્ષા કરવામાં આવી હતી.

. . . . . . . . . . . .

# RUSHIKESH PATEL ON JK

**જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદી હુમલા અંગે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, કેન્દ્ર સરકાર અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઘટનાની ગંભીરતાથી નોંધ લીધી છે. આ હુમલામાં ત્રણ ગુજરાતીના મૃત્યુ થયા છે. તમામ મૃતકોના મૃતદેહ લાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.**

(બાઈટઃ ઋષિકેશ પટેલ, પ્રવક્તામંત્રી)

. . . . . . . . . . . .

# BHAVNAGAR PRAVASI JK

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલામાં ભાવનગરના પિતા-પુત્રનું મોત નીપજ્યું છે. જ્યારે એક પ્રવાસી ઈજાગ્રસ્ત થયા છે. મૃતકોના મૃતદેહ અને ઈજાગ્રસ્ત તેમ જ જિલ્લાના 17 નાગરિકોને પરત લાવવા વ્યવસ્થા કરવામાં આવી છે. જિલ્લા વહીવટી તંત્ર ભાવનગરના પ્રવાસીઓ સાથે સતત સંપર્કમાં છે તેમ જિલ્લા કલેક્ટર ડૉક્ટર મનીષ કુમાર બંસલે જણાવ્યું હતું.

**(બાઈટઃ ડૉ. મનીષકુમાર બંસલ, જિલ્લા કલેક્ટર)**

બીજી તરફ, આ આતંકી હુમલામાં સુરતના એક વ્યક્તિનું પણ મોત નીપજ્યું છે. તેમના મૃતદેહને અને તેમના પરિવારને આજે સાંજ સુધીમાં સુરત પરત લાવવામાં આવશે તેમ અધિક કલેક્ટર વિજય રબારીએ જણાવ્યું હતું.

**(બાઇટ- વિજય રબારી, સુરત કલેક્ટર)**

. . . . . . . . . . . .

# GODHRA ACCIDENT

પંચમહાલના ગોધરાના રિંછરોટા ગામ પાસેના માર્ગ પર સર્જાયેલા અકસ્માતમાં બે લોકોના મોત નીપજ્યા છે. પંચમહાલના અમારા પ્રતિનિધિ વિપુલ પુરોહિત જણાવે છે, શહેરાના ડેમલી ગામના સ્થાનિક પોતાના બે પુત્ર સાથે બાઈક પર રિંછરોટા ગામ પાસેથી પસાર થતા હતા.

દરમિયાન સામેથી આવેલી અન્ય બાઈક સાથે ટક્કર થતાં બંને બાઈકચાલકના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા. આ ઘટનામાં ઈજાગ્રસ્ત થયેલા ચાર લોકોને 108 એમ્બુલૅન્સ મારફતે ગોધરાની સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ગોધાર તાલુકા પોલીસે આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

. . . . . . . . . . . .

## BOTAD ACCIDENT

બોટાદના બરવાળા ધંધુકા માર્ગ પર બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો છે. બોટાદના અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે, બોટાદથી કૃષ્ણનગર જતી એસ. ટી. બસ અને બાઈક વચ્ચે ભીમનાથ ગામ પાસે અકસ્માત સર્જાતા બાઈકચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. આ ઈજાગ્રસ્ત બાઈકચાલકને ધંધુકાના R.M.S. હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

. . . . . . . . . . . .

## KUTCH DABAN

પશ્ચિમ કચ્છ પોલીસે સતત બીજા દિવસે ગેરકાયદે દબાણ હટાવી અંદાજે અઢી કરોડ રૂપિયાની સરકારી જમીન ખાલી કરાવી છે. સત્તાવાર યાદી મુજબ, પોલીસે ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યક્તિ દ્વારા મુંદરા

પોલીસમથક વિસ્તારના ધ્રુબ ગામ ખાતે ત્રણ હજાર 842 ચોરસ મીટર સરકારી જમીન પર દબાણ કરાયું હતું.

દબાણ કરનારા સામે મુંદરા પોલીસમથકમાં 17 જેટલા ગુના દાખલ થયા હોવાની પણ માહિતી છે.

. . . . . . . . . . . .